॥ૐ શ્રી॥

પ્રેમનો પ્રવાહ.

બનાવનાર,
કવિ મામંદ પનુભાઇ સંધી.
મુ. લીલીયા નાના
તાબે ભાવનગર.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
પટેલ ત્રીકમલાલ વીરજીભાઇ
અમદાવાદ.

પ્રત ૧૦૦૦, સંવત ૧૯૭૮.

ધી ન્યુ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. મફતલાલ માણેકલાલે
છાપ્યું બોરડી બજાર વીરમગામ.

કીમત રૂા. ૦-૧-૩

॥ શ્રી ॐ બ્રહ્મ નમઃ ॥

અથ પ્રેમનો પ્રવાહ

રાગ ધન્યાશ્રી

બ્રહ્મ સ્તુતી;

પ્રથમેં નમું પરીબ્રહ્મ સોહંમ સગે પ્રથમેં નમું પરીબ્રહ્મ; ટેક
આદ્ય નીરંજન નામી અનંત જાપ જપું તજી ભ્રમ સોહં ૧
સ્મંતત્વ જાનુંમે અહ્મં મત્વ ત્યાગી જાનું ન પંથકે ક્રમ; સોહં ૨
સુર્ત નીરાલંબ તારન ત્રુટત કયોં લગે કાહુકે કર્મ સોહં ૩
ભુગજડ જાની જડત બીજ સતજાનું જાસેં પાવેપદ પ્રેમ સોહં ૪
મીરાં અગ્રુમીયાં મામદ કહું મુરશદ પ્રભુ મીનીહીર જેમ સોહં

રાગ સદર

સગાચર ચૈતંન ગુજાંણુ અખીત રુપેં સગધર ચૈતંન સુજાંણુ-ટેક
અખંડ ચીદાનંદ હર્ષ અકર્તા ધાંમ અચલ નીર્વાંણુ અખી; ૧
વ્યાપી રહ્યો ચૌદ લોક ચરાચર તંન પ્રાણ પુર્ણ પ્રમાંણુ અખી; ૨
પાંણુ ત્વચા પદસીમ કટીનં નખચખ હર્દ મુખ ધાંણુ અખી; ૩
દરસ સ્વરૂપે રહત સબીમેં સોહંજાન પ્રેમીકું પીછાંણુ અખી; ૪
કહે કવિ મામંદ ગંભરાતમ ઉદયા ઉર બીચહી ભાણુ અખી ૫

ગુરૂ સ્તુતી.

રાગ ભજન;

મીરાને રંગ લાગ્યોરે હરીનો એ રાગ.

મનની ઉમેદ મારી પુરી થઈ છે સદા સાંયાજી
મળયા અગ્રુમીયાં અવીનાસી
મામંદ મન મોહ્યો તે ગુરૂથી ટેક;

અખંડ અમર એવા આત્માને ચીનીરે
પ્રેમે થયા તે પ્રકાસરેજી
અધીક છુપાતું પણ છુપાવી રહેન સદા સંય જી,
કદી કાયંમ કસ્તુરીની બાસ મામદ મંન; ૧
પ્રમાર્થે પુગનીજ સંતના સુરારે
સ્નેહથી સુર્તાને સાધીરે,
સોહં સબ્દમા એને સાંભીલ દીઠા સદા સાંયાજી
જેણયે તજી અવીદાને ઉપાધી: મામંદ મંન ૨
ગુણુના સંમુદ્ર એવા ગુરૂ અને મળીયારે
અકામીને ધાંમી સુખ રાસરેજી;
ગુર કૃપે અતી નીરમળ નીરખ્યા સદા સાંયાજી,
નીજ ઉનમુની લયંનમા વાસ મામદ મંન ૩
એવા ગુરૂ ગાયે સંતો વૈકુંઠ જાયેરે.
થાયે ગ્નાની ગુણુ જાંણુરેજી:
જંમરાતણું સહુ જોખમ ટાળે સદા સાંયાજી
નીજ પોંચાડે પદ નીરવાણુ મામંદ મન ૪
મહુ દલીમ થતાં અમે પારસમણી પામ્યારે,
હસે એ પુર્વની કમાઇરેજી
નામ અર્થનું મુને ધાંમ બતાવ્યું સદા સાંયાજી;
કહે મામંદ તુંહી મંન મારૂં મામંદ મંન ૫

સાહ સદર.

અલખ ધણીની સાથે યારી બંધાવી ગુરૂ ગ્નાનીજી,
સત મળીયા સૈયદ મુને સાકી;
મામંદ મોજ આપી એ મહેરબથી ટેક.

સોહમ પ્રકાશ્યો ત્યારે ઉદગો ઉર ભાનુ.
મુને સ્વેંસદ ગુરૂજીએ સાનરેજી,
ંકાર રટંન મારોમે રોમે રણુકાર ગુરૂ જ્ઞાનીજી.
મર્યું ઉનમની હૃદામાંહી ધ્યાંન   આનંદ મોજ   ૧
તતુપદ-ત્વંપદ અસીપદ જેઠ વણું;
ગુરૂ ગમથી લાગ્યું ધ્યાનરેજી
સર્વ પ્રકારે લેનું સીધાંત હું સમજો ગુરૂ જ્ઞાનીજી,
આત્મરતિ તુ છે એવું તાંન.   આનંદ મોજ   ૨
દીઠ દેવળમાં દેવનીજ દેખ્યારે
તેહથી કરૂં તેની સેવરેજી,
અન્યાતમનો કોઇ બનું ન ઉપાસી   ગુરૂ જ્ઞાનીજી;
એવી આનંદની પડી મુને ટેવ   આનંદ મોજ   ૩
સોહં સોહંની સીડી મંડાવીરે પ્રેમની પાવડીયે ચડાવ્યોરેજી.
સુન્ય શીખર પર સતગુરૂ સોહે   ગુરૂ જ્ઞાનીજી,
એણે આપે અલખ એ લખાવ્યો   આનંદ મોજ   ૪
ગુરૂજીને ગાયા એતા સર્વ સુખ પાયારે,
જ્ઞાની કહે એવી ગાથરેજી
આનંદને મીલ્યા અગ્રજ મળીયા   ગુરૂ જ્ઞાનીજી,
નીજ નીરખાયા નીરંજન નાથ   આનંદ મોજ   ૫

રાહ કવાલી ત્રીતાલ.

ચાપંજે તંન બચાનાં ઇ રાહનું પદ;

મંનતું સમજ સુમાની દુન્યા સબે હે ફાની ટેક:
ઉત્તમે જન્મ મલે વાહદકાં મન ધીરાવો

એસી બાતહે હકાની દુનીયા; ૧
કર્તા તું ધંધા કેસા ભર્તા ખજાને રેસા
જાવેગા ખાલી પાની દુનીયા ૨
કહતે તું મેર મેરા દેખ કોનહે યામે તેરા;
હોવેં યા તનકી હાંની. દુનીયા ૩
સમઝી લહે તું સ્યાનાં એક દીન કબરમે જાનાં,
રહે નાંમકી નીસાની; દુનીયા ૪
આમંદકે મુરસદ મેરા અર્જ સુનો સવેરા,
કરો મુસકલે આસાંની દુનીયા ૫

રંહ સદર.

તંનહે નહી એ તેરા ચલનાહે સાંઝ સવેરા ટેક.
દંમકા ભરૂંસા ખોટા દેહ પાનીકાહે પોટા
ફુટંનસી નહે દેરા ચલના; ૧
દુન્યામે દો દીન આયા રખકું નહી રીઝાયા:
ખાયા તેં ખાલી ફેરા ચલના ૨
મીલકલ મોત આવે જ્યકું પકડ લે જાવે,
લાહીફસે લગી ન લહેર ચલના ૩
મોકલ માર મારે તોબાં તબે પુકાર,
ચુકા રાહ બંદગી કેરા; ચલના ૪
જુટી એ મખલુ મોબત અ:કીસેં કરલે સોબત,
આમંદ કે મતા એ મેરા ચલના ૫

રાહ કાલીંગડો.

આનંદનો દીન આજરે કે શાહ;

રખલે મેરી લાજરે રખલે મેરી લાજરે,

તું હે ગરીબ નવાજરે, ટેક.

તું હે વસીલા મેરા દોજાહાંમેં, આજીજ સુનીયે આજરેં; રખલે ૧

બાદ્ય સમુદ્ર નાવ મેરી ડાલે, બુડતે તારો જાહાજરે રખલે; ૨

નામે નીજાત સબકો યા જગમેં એસા પાયો મેં અંદાજરે રખલે ૩

મામંદ કહે તુંહી માલીક મેરા મુજ સીરકો સીર તાજરે; રખલે ૪

રાહ માલ કોષ

ઉપાવણુ ચીતમાંહી પ્રીતછે સંગીત સદાઇ રાહ

ચેતીલે અચેત શઠ, ચેતતુ ચતુર જંન,

વાલાતું દેખીને જોને, તારૂંતો નથીઆ તંન, ટેક

ભુલ્યો નીજ ભાંન તુજ, માંનમાં રહ્યો તું સદા,

આવ્યો અવસાંન દાંત, દીધુ ન કયાથી દીધાન દસથી અંન. ચેતીલે ૧

તુજ સીર કાળ વીકરાળ, ઝાળ મુખ ઝરે,

આવે સ્વાની નીંદ્રાને, ભાવે તુને કેમ ભોજંન, ચેતીલે ૨

ગયા મહા રાજરંક, ને મહંત સાધ્ય વાળા,

વસુમતી કંત સંગ, નચયું ધરાંક ધંન ચેતીલે ૩

તેથી તજી માંન ભજીલે, અખીલ જગત પતી,

મામંદ શેમઝી મંન, લાભ મેળવો આદંન ચેતીલે ૪

રાહ સદર

ઝટપટ જાય નીંદ તાય, લાગ્ય સેવ પાયે

અતીરસ ફાગ બગ નાગ, ગતીને તજાયે, ટેક

મુરશીન જાંન લહેસાન, મંન માંન તજી .
બનેન હૈરાંન ધ્યાંન, શાહ સુરતા બતાવે. ઝટપટ ૧
આશો જગમાહી ફેરા ખાહી, તેહ શહે જવું
તેથી રટનામ જગસ્વામ, પ્રીતથી સદાયે. ઝટપટ ૨
ગુરૂતણી સાન ખુલ જ્ઞાન, વીના મુકત નહી,
પ્રીતછે અધ્વેત રૂપ, એમ વેદ શાસ્ત્ર ગાયે. ઝટપટ ૩
આરાધી લેહશ અહરનીસ ગુરૂને રહી.
આમંદ કહેછે મહા, રૂપે રૂપમા સમાયે ઝટપટ ૪

રાહ દોરહી ગઝલ

આજ આવો રાજ હજુર કાછે શાહે
અખંડ નાદ બજી રહ્યો તાસે તાલ કયો ન મીલાવતા. ટેક
જાગો અવીદ્યા ખાકસે ... સોહં તાકસે
ફેરફ ... નામ પે, ... છીનમે ... આ;
હરદમસે દમ મીલાકહો ... દક્ષ લહો,
કીતને ચલે દીન રેનકે દમનું ન કયોહી ગીનાવતા. આ;
નીજ દીદકું નહી ચીનાં, મારા ગયા મુરસદ બીના
સુજ રૂપ કૈસાહે અગર તુહી ધ્યાંન કયો ન લગાવતા. આ;
આમંદ મીલે મંન લાલસે, મુકત કરે જંજાલસે,
દોલ મોમસે બાગે યકીન પ્રેમમેં પીયુકું પાવતા. આ;

રાહ સદર.

દંમ દંમ દ્દેરાયલ કોનહે તાકા મરમ પાયા નહીં ટેક.
હીંદુકે મુસલમાંનહે દીલ મોમકે ટુરરાંનહે,
જોગી જગમ સન્યાસીકે મુલાઉ મેં દેસે કહીં દંમ દંમ ૧

મે કોંન હુંચોં નહીં ખબર નીજ રૂપ કૈસાહે અગર,
ઉરદીદકું હોયે બીના ધીકાર હે જીવન મહીં; દંમ દંમ ૨
મુરસદકે ગમકું જાંનકે તજ સંગતું હેવાંનકે,
સુગરૂસેરેના સદા ગુન ગ્રાંનકું પ્રગ્રી લહીં; દંમ દંમ ૩
મામંદ કહે મંન વીસમકું જાંની લે જાતી હંસમકું,
બીન નાંમસે નાહીં તગે કહતે બજા ઢોલે સહી દંમ દંમ ૪

રાગ હોરી કાફીની,

સાંવરામત ડારો પીચકારી એ રાહ.

સૂતો નીજ સુન્યમેં જાય મીલાનાં નબી કમલસેં ચલાનાં; ટેક.
સોહંસોહં ઇંગલા પીંગલા સુસમણાં સમઝ સચાનાં
પીંગલા આર્ક ઇંગલા ઇંદુ સુખમણાં પાવક કહાનાં,
વામેં તીન ગુંન રેહાનાં; સુતાં ૧
ઇગલા વહાં પીંગલા કરન સુખમણાં સમુ લખાનાં
તીન નસમેં તીન ગુંન બીરાજત તીનમેં કરલો પીછાંનાં
ઉભવ સુર તબ ઉલટાનાં; સુતાં ૨
ઇંદુ અર્કમેં અર્ક ઇંદુમે રસબસ રંગ લગાંનાં
ગુરૂ કૃપા નીજ દેખ દીદારા નાદ અખંડ સુનાનાં
ઝલમલ સબ જોતી દરસાંનાં, સુતાં ૩
સુતાં ચડીજાદ સુંન સીખર પર અનુભવ ઉરમેં આનાં
મામંદકું મીયાં અમદ મહેરસેં મીલા પીરુજીસેં પ્રવાનાં
ઉરબીચ ઉદેહે ભાનાં સુતાં ૪

રાગ સદર.

લગ્યોનીજ લાલંનસે ઇકતાર મજેં ગગન મહા સાર ટેક.

નાભી કમલસેં સુર્ત ચઢાઈ મસ્તી પુર ચઢ બીચ રે.
અધ્ધરંડ મેનીજ આઈ મીલો મન ગગનમે જોત ઉજાર
અખંડી નાદ ઝણુકાર; ઠગ્યો ૧
બ્રહ્મ જ્ઞાનકી બ્રહ્મ અનીકર ઉર ભાવધમેં જાર
અન્યાત્મ બુધી; બ્રહ્મતત્વ લીનકું દુર બીડાર
દીખાઈ બ્રહ્મ સાક્ષાત્કાર ઠગ્યો ૨
નાદ છુંદ મન પકડ લહોનીજ એકી ધ્યાન બીચાર
સુર્ત સુર્ત નીજ વર્ત ન ડોલે બોલે સોહંકાર
દીસ બીચ હોત દીદાર ઠગ્યો ૩
આનંદ મોહકી નીંદસે જાગો આનંદ ઉરમેં ઉચ્ચાર
ચાબુકસે સબ અંત ફનારીસ દુખીકું દુર નીવાર
સત્ય એક નામ નીરધાર ઠગ્યો ૪

રાગ સોરઠ.

કામણુ દીસે છે અલબેલા તારી આંખ મારે ઇ રાગ
સુંદર સાંમ છબીલે જોઇ જોઇ ચોઇ મદ ન સમાય
તેને નીરખતાં સુખ લેઇ, પડી મેલ હાંસ ચારે.
વાંકા નેન ભ્રકુટી ભારી છબી અનોપમ સોહત સારી
કરમા બંસી ધારી રમે છે રાસદમારે સુંદર
તાલ પખાજ સારંગી સોહે સુરીવર મુનીવરના મન મોહે
વ્રજનાં જન મળી જોહે અતી હુલાસ મારે સુંદર
ચાલ અતી સુભ હંસની ચાલે સુશાબ લાલ લાખુ કે ગાલે
કેસર સોહન ભાલે બહેક બરાસમારે સુંદર
આનંદ કહે મળો એવા સ્વામી વારંવાર કરૂં સીરનામી
આપ છો અંતર જામી રહો મુજ પાસમ.રે સુંદર

રાહ સદર.

સ્નેહ લાગ્યો સાંવરીયા સંગ પ્રથમ તે નવ પડેરે,
જેમ લોહ રહ્યું લોહચુંબક ચમકમા જઈ અડેરે; ટેક
પ્રીત ચોર્યું મારૂં સાંવરીયે જુદુ પડયાનું મન નવ જરીયે,
કરમાળા અંતર ધરીયે કીધા અમને કડેરે સ્નેહ ૧
અંધીકર નવ મુજથી બોલે ખુબી ભરેલી આંખ ન ખોલે,
જીવમારૂં ચકડોલે પીડા જેમ ચાક ચડેરે સ્નેહ ૨
મામરીયુ કરે મુજપર કહેર મુકુંદને નથી આવતી મહેર,
લાગી વીપેતની લહેર ઇલાજ કંઈ નવ જડેરે સ્નેહ ૩
મામંદ કહે મળીયા ધરી ધીર પ્રેમતણાં ખળ કર્યાં દ્રગ નીર,
ભીજાણું અંગ તણું ચીર વીયોગના દુખ વડેરે સ્નેહ ૪

રાહ સોરઠી,

તેરા દીલ કુબજાસેં રાજી છે રાહ.

મારૂં મન હરી લેવાને કાજ મોરલી મુખ ધરી વ્રજરાજ ટેક;
વાંસળી ચોત વનમાંનીજ વાગી તે સાંભળી વા લગની લાગી,
નીદ્રામાથી જાગી જીવડો રહ્યો જરી વ્રજરાજ મારૂ ૧
દુઃખ દરીયામાં તેથી ડુબી મારગ મુજને દે તું ઉભી,
સું બલાવું સુખી તનમન ગયો હરી વ્રજરાજ મારૂ ૨
સગા તજ્યું મે સગપણ છોડયું જગજીવનથી મનડું જોડયું,
ચીત્ર એ ચીતમા ચોડયું મુજથી રહ્યો વરી વ્રજરાજ મારૂ ૩
મામંદ મન દાઝાયે મળીયા પુર્વ જન્મના પાપ પ્રજળીયા
કારૂપ કર્મના ટળીયા સ્વાર્થ રહ્યો સરી વ્રજરાજ મારૂ ૪

રાહ સદર.

મારૂં મન ધરી રહ્યું એક ટેક અવરને નહી ભજુ મહારાજ ટેક;
સુંદર સ્યામથી સગપણ કીધું તેદી મારા મનમા વ્રત લીધું;
વીખ મેલી પય પીધું એ તનથી કેમ તજું મહારાજ; મારૂં ૧
પ્રાણ થકી મુજને તમે પ્યારા નેન થકી નવ થાસ્યો ન્યારા,
આપ થકા ઉજ્યારા એ પ્રીતથી નહી લજું મહારાજ મારૂં ૨
સદા રાખો મુજને તમ સરણે મટે જકતમા જન્મ મરણે;
લેપ નહી હાંપ વર્ણે એ સરજન સુખ સજું મહારાજ મારૂં ૩
મામંદ કહે મોહોબત નવ મેલું ખુબી ભરેલા ખેલમા ખેલું,
પ્રેમનું પદ સહુ પેલું રાખું ઉર માંહી રજુ મહારાજ મારૂં ૪

રાહ ગરબી,

મીઠડા બોલા નાથ ઇ રાહ;

મારૂં મોરલીમા મોયું મામંદ કહે મારૂં મન મોરલીમાં મોયુ, ટેક
મુખ દેખી ન મેલું રંગે ન રાખ્યું અખંડ નાદમા ચીત પ્રોયું; મામંદ ૧
મંત્ર ભરેલો છે નાદ મોરલીનો સુંણતાં સુધ બુધ ખોયું મામંદ ૨
મહીશ્વર મુનીશ્વર મૌન મોયા છે ગોપીએ કુળને વગોયું; મામંદ ૩
લાગ્યા જોગેશ્વર ધ્યાન ભુલ્યા છે રામા ભુલી છે રસોયું; મામંદ ૪
મામંદ કહે મારૂં મન હેરાણું પ્રેમનું બીજ ઉર બોયું; મામંદ ૫

રાહ સદર.

મોરલીધરનેજ મળવું મામંદ કહે મોરલીધરનેજ મળવું; ટેક
મોરલીવાળો અતી રૂપાળો રૂપ દેખીને નથી ચળવું મામંદ ૧
જગકર્તાની જુગતી જોવા ભાવે ભજન માંહી ભળવું મામંદ ૨
દયાળુ મુજથી દુર વસે વો પ્રેમના પંથમાં પળવું; મામંદ ૩

મુકુંદ મુજને નહી મળે તો જાંન દીમાળે જઇને ગાજવું મામંદ ૪
મામંદ કહે મુજ મન વરસ્યા છે મટયું છે રણમાં રઝળવું. મામંદ ૫

રાહ કીરતન,

કહેવું શું હવે તમને કાના ઈ રાહ:

વહાલા વીજોગે વેરાગણ થઇ વીના સુંદર સામ છબીલારે: ટેક
પ્રકટી મુજનો પ્રમાનંદનાથ સું અપરાધે છોડયો મુજ સાથ,
હવે વીનંતી કરૂં જોડી હાથ રંગે રમાડો રંગીલારે; વાહાલા ૧
વિનીતાનો કંઇ દેસ્યો વંક વેળો રીદ નીર્દોસે રંક,
કાંગની ઉપર આવા કલંક સોભે ન તમને રસીલારે, વાહાલા ૨
હું અબળા હવે તમથી હારી ધણી મારા તમે છો ગીરધારી,
નથી અવર કોઇ વાને વરનારી હઠ છોડી દયો હઠીલારે વાહાલા ૩
મામંદ કહે ઘણી લાગી છે માયા વસુદેવ તન દેવકીના જાયા;
રોસ ન રાખજો વ્રજનાશયા જીવન તમે છો રસીલારે વાહાલા ૪

રાહ સદર;

તમે ગોપાળને હું ગોવાળની છું જુદીન પડું જદુરાઇરે, ટેક
મોરલીએ મુને મારી મોરારી કાળજમાં તે લાગી કટારી,
ભામનીને ઘાવ લાગ્યો છે ભારી જખમ તે ન રૂઝાઇરે તમે ૧
આતુર વેદી ઘણા ઔખધી આપે વેદના તેમ તેમ અતી ઘણી વ્યાપે,
મુજ પીડા વેદી ભેદી ન માપે રાજ બની છું અંત્રીરાઇરે તમે ૨
ઘડી પલકમાં કીધી મુને ઘેલી મોહન માવા હવે નવ સકું મેલી,
પીતાંબર પ્રીતડી કરી પહેલી ત્રીકમ નહીં તજાઇરે તમે ૩
મામંદ કહે માયા લાગી છે તેરી હરી ગાતા લગે નૌતમ હોરી,
ચટકેથી ચીત લીધુ ચોરી વાલા વીના ન રેવાઇરે તમે ૪

રાહ ઉપર;

પ્રેમાનંદ મુને પ્રાણથી પ્યારા ન રહો ને નથી ન્યારારે: ટેક
એક ઘડી રહુ તમથી અળગી સરીર વીરહાગ્ની થી જાઉં સળગી,
વાલા વપુ તમ તેથી વળગી અંગે ઝરે છે ઇંગારરે પ્રેમા ૧
આંખ મીચું તો એવું સ્વપનું આવે નાથ ચીનાં દુઃખે નજરે નાવે,
જોઇ ભુધર ભામાને ભાવે પતજો નહીં પર નારરે પ્રેમા ૨
તમે જાસ્યો તો પ્રાણ તનથી તજસું સીંગાર તે રચ્યા સુખનાં સજસું,
વીરહ નહી વેઠાયે વ્રજ સું ખટરસ થયા સહુ ખારારે પ્રેમા ૩
દારા છે આપ અર્ધની દાસી વાલા તજી ન થજે વનના વાસી
હરી થાસે આ જગતમાં હાંસી કલંક ચડશે અકારરે; પ્રેમા ૪
આમંદ કહે કહ્યું માનો મુકંદ કોકટ સાને કરો છો ફંદ,
વ્રજના વાસી વીખાસે આ વંદ સમજો સરજંન હારા, પ્રેમા ૫

રાહ સદર.

વાટ જોઇને રહી વ્રજનારી મંદીર આવસે મોરારીરે ટેક;
લાલ કસુંબી લહેકે કાંમ ધનુષ ટંકાર તંન ગહેકે કે,
અબીલ ગુલાલ અતી અંગ બહેકે પુષ્પની કીધી પથારીરે વાટ; ૧
હિર આપે છે અતી મોહંન આવે લાલ લાખું સોભે છે ગાલે,
કેસર કુમ કુમ ત્રભકી કપાલે આખ્યોમાં કાજળ સારીરે વાટ ૨
ત્રેહાગ્નીમાં વાલમ તણી વામી બરે આ દુઃખમા નવ રહી ખાંમી,
સ્નેહ ધરી કયારે આવે મુજ સ્વાંમી રંગ ભરી પીચકારી વાટ ૩
કરો સંતોસી મુને કોમ કીડાથી મુખ તમારૂં ભરૂં તંબોલ બીડાથી,
કહે કવિ આમંદ મદન પીડાથી અબળાને લેજો ઉગારીરે વાટ ૪

રાહ કીરતંન ત્રીતાલ,

કામણગારો કાંન તુને હજુ ન આવો સાન ઈ રાહ;

દરસંનની નાની દુઃખીયાલ સાહેલી મુને મુરતી લાગે છે બહુ પ્યારી
આલ્યો ગયો મુને ચેટક લગાડી દરસન વીનાની દુઃખયારી, ટેક;
કાનુડો કાળો મન હરનારો વસ કીધી વ્રજનારી,
વંનરાવંનમાં રાસ્ય રમાડે સરખી સુંદરી સારી આલ્યો ૧
એકને માથે અબીલ ઉડાડે બીજીને રંગ પીચકારી,
ત્રીજીને હાથે તાળ મીલાવે ચોથી દેખે બ્રહ્મંચારી; આલ્યો ૨
વાલાને સમરૂં જોવાને જાયે આચરડો અવતારી,
દરસન કરતાં દુઃખ સહુ જાસે ગુણવંતો ગીરધારી આલ્યો ૩
મોર મુગટ ધરી બંસી બજાવે સાંભળીયો સુખકારી,
શામંદ કુહે મને મોહંન મળજો આસા પુરણ થાવ મારી; આલ્યો ૪

રાહ સદર.

અમને રંગમા રોળી સાહેલી હું તો થાકી નગર બધું ગોતી,
ક્યાં ગયો કાંન કામણગારો અમને રંગમા રોળી; ટેક,
કાંન વીયોગે વેહની ઝાળું હયામા પ્રગટી હોળી,
કાંતો લગરો ભેખ ધરૂંને કાંતો મરૂં વીખ ઘોળી, ક્યાં ૧
મહી વલોતાં મારૂ મંન હેરાણું ફોડી ગોરસની ગોળી,
વાલીડા વાસે બની વેરાગણ અંગે ભભુતી ચોળી ક્યાં ૨
મોહન નાંમની માળા પેરી મેં હોર હીરાનો નાખ્યો તોડી,
દરસન કારણ ભીક્ષા માગું હાથમા લઈ સન ઝોળી, ક્યાં ૩
વંનરાવનમા વેણુ વગાડે મળી ગોવાળોની ટોળી,
મીઠા બોલો કોઈ મોહંન બતાવો જમાડું ખીર ખાંડ પોળી, ક્યાં ૪

ઉલ છગીને મુને છેતરી હુતો હયાની બોળી
આનંદ કહે એ મળે મોહનથી રાખું રંગમાં ઝમેલી   દયાં ૧

રાગ લાવણી.

ઘેલી કરી ગ્યો ગીરધારી સાહેલી મુને મોહને મોહ બાંણ મારી,
કાંન વીના મુને કંઈ નવ સુઝે ઘેલી કરી ગ્યો ગીરધારી;   ટેક,
મોરલીએ મારૂં મનડું હેર્યું વ્યાકુળ થઈ વ્રજનારી,
સેજે સુતાં નીંદ્રા ન આવે ભુંગી લાગે ભયંકારી;   કાંન વીના
કાંમને કાજ મુને કાંઈ નવ સુઝે ઘડીક ઘરમાં ને બારી,
વાલો આવ્યાની વાટ ઉભુ છું સુકાણ જળે ભરી ઝારી; કાંન વીના
જાદુગારો તે મન હરનારો અંખ્યું જેની કાંમણગારી,
મુખડું જેતાં મોહીત થઇ છું નેણની લાગી કટારી કાંન વીના
અનંગ રંગ જાણી વસ કરી અબળા પ્રેમની બાળને વીદારી,
આનંદ કહે એવા સ્વાંમી મળજો વાલંમ પર જાઉં વારી કાંન વીના

રાગ લાવણી;

આવી મળોને અલબેલા મોહન તમે કરથી હાથ દીધેલા,
આ અબળાની અરજ સ્વીકારી આવી મળોને અલબેલા; ટેક
કુબજા નારી કાંમણગારી તેને દેખી થયા ઘેલા,
લાજ ટકાની લાજ લો પાસે વાલંમ સમજો વેલા; આ અબળા
હુતો હયાની બોળી રહીને મોહનજી મન મેલા,
પરનારીથી પ્રીત કરીને સ્યાંમ ફરો શું છેલા   આ અબળા
અવર વરની આંખડી લીધી હું સમજાતું સમજેલા,
આ ટાણે જો નહીં મળો તો પ્રણામ છે મુજ છેલા આ અબળા

તમ વીનાનું તનડું તલખે વીરહ તાપે તપેલા,
મામદ કહે મળો મોબતથી તો રંગતણી મચેરેલા; આ અખગા ૪

રાહુ સદર.

સાહેબ ઘટમાં સુઝેએ પ્યારા તેને પ્રેમે કરીને પુજો,
જાગીને જોયું આરે જગતમાં હેત નથી કોઇ દુજો; ટેક
બંદગી કરતાં બહુ નામીની કાયર થઇ કાં ધ્રુજો,
સ્થાવર જંગમ સઉમા સરખો બાહ્યા ભીતર બુઝો; જાગી ૧
પ્રગટ પારખ્યું આપું હું તમને સહેજ ભરો જશ કુંજો,
સર્વ ઝાડમા લીલી નીરખો દ્રગ ખોલીને તુંજ જાગી ૨
સતગુરૂ વીનાએ જ્ઞાન ન આવે મળવાનેમન મુંઝો,
ગુરૂ ગમવાળા થયા જ્ઞાની જ્ઞાનની જાણીને ગુજો; જાગી ૩
અગ્રભુમીયાં અવીનાસી ઓલીયા સત મુરસદ ઈ સુજો,
મામદ કે મુને મારા મંદીરમાં બતાવ્યો નુરનો પુંજો; જાગી ૪

રાહુ રાસડો.

ઉભી અરજ કરે છે મીરાં રાંમનેરે ઇ રાહ;
જન જુગતેમાં પ્રેમ તું પીછાંણનેરે પ્રેમ વીના જન પસુની સમાન; ટેક
આ જુકતમા જન્મીને સમઝવ નીજ મંન
બલહારી જાઉ તેહ પર અર્પું તંન મંન ધંન,
તેનું દાંન કર્યે દોસ્ય દે ન પાંણનેરે જન ૧
પ્રેમ પ્યાલો પીધો નથી ત્યાં સુધી રંક સ્વોક
આપઓ જેણે સ્નેહથી પ્રગટો હર પ્રલ્હાદ,
તજી દયે તે વાદ વીવાદની વાણનેરે જન ૨
પ્રેમ પુર્ણ પ્રતીમા તણું ધરો નીરંતર ધ્યાંન

વીશ્વપતી વીલસી રહ્યો સર્વ વસ્તુ સ્થાંન,
એવા પીયુની સંગાથે મોજ માંણનેરે જંન ૩
પીયું સાથે નહી પ્રીતડી તે જંનને ધીકાર,
આમંદ મોહોબત રાખજો જે છે આ જગતાર.
તેને જન્મ્યા વીના ભોગે નર્ક ખાંણનેરે; જંન ૪

રાહ સદર.

જંન જોડજે ચીત નીરંજંન સ્વરૂપમારે જુઠો જાણીને આજુકતાનો સ્નેહ; ટેક

એક ૐકાર આરાધીયે જે છે અપરંમ ઉધાર,
ક્ષણું ન તેને વીસારીયે ધરીયે અનોખો પ્યાર;
ગોરસ ગોળ જેમ મળી જાયે તુપસ રે જંન ૧
મીથ્યા સુખ સંસારનું કરવા કુડાં કર્મ,
સગા સહુ સ્વાર્થ તણાં ભજવા દીયે ન ધર્મ,
છળ કપટથી નાખે માયા કુપમારે; જંન ૨
તેથી ચેતી ચીત વીષે પલપલ ધ્યાન ધરીસ,
તારણ હારો તારશે જાહેર છે જુગદીસ,
મળી જાને તું તે રૂપ અનુપમારે; જંન ૩
સોહં સોહં સાધજો જે સાચા ઘંનસ્વામ,
તે મુજને મળવા તણી આમંદ કે મંન હાંમ,
સીતળ છાંયા મેલી સ્યાને ધરૂં તંન ધુપમારે; જંન ૪

સમાપ્ત.

જાહેર ખબર.

આથી સર્વે સદગ્રહસ્થોને વિદિત કરવાનું પ્રેમનો પ્રવાહ શીવાય બીજો ગ્રંથ માસંદ મુક્તામણ નામનો ગ્રંથ અમારા તરફથી થોડા વખતમાં બહાર પડનારછે, તો આ સંસાર સમુદ્રથી પાર ઉતરવા ધારત હો તો આ ગ્રંથ ખરીદવા કૃપા કરશો જેમાં સંગીત ભજન, ગજલ, કાફીયું કવાલીયું, ઠુંમરી, ભેરવી ગરબીયું, તથા પ્રભાતીયાં અને છંદ, સવૈયા, કુંડલીઅ વીગેરે વીગેરે સમાવેશ કરવામાં આવેલ છે. જેની કીંમત અગાઉથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૧—૦—૦ રાખવામાં આવેલ છે તો નીચેના સરનામે લખવાથી નામ નોંધવામાં આવશે.

કવિ માસંદ પનુભાઈ સંધી.
ઠે. પારો ઉજમાબ્હેન કેવળદાસના બાગીચામાં
રાજેશ્વર પાસે વિરમગામ.

તા. કઃ—અમારી પાસે સ્ત્રી પુરૂષોને માટે અકસીર દવાઓ મળે છે, જે સતગુરૂ સાહેબ સૈયદ અશ્રફમીયાં બાપુમીયાં સાહેબે બક્ષીસ આપેલ છે કે જેથી ગમે તેવા હઠીલા દર્દને થોડા વખતમાં આરામ આપે છે. તો ઉપરના શીરનામેથી મંગાવી ખાત્રી કરશો.